### પેટા ચૂંટણીને લઈને માંજલપુર પોલીસ અને પીસીબીની ટીમનો દારૂની ભઠ્ઠીઓ સામે સપાટો

# વડસરમાં દેશી દારૂની ભઠ્ઠીઓ પર દરોડા

**દારૂ, વોશ અને** સાધનસામગ્રી સહિતનો મુદ્દામાલ જપ્ત, ચાર મહિલાઓની ધરપકડ઼ગા





(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ ગેરકાયદે દારૂ અને જુગારના અડ્ડાઓ સામે સઘન અભિયાન ચલાવી રહી છે. તેના ભાગરૂપે માંજલપુર પોલીસ તેમજ પીસીબી દ્વારા વડસર ગામમાં અલગ-અલગ દરોડા પાડીને દેશી દારૂની ચાર ચાલુ ભઠ્ઠીઓ ઝડપી પાડી હતી. પોલીસે ચાર મહિલાઓને ઝડપી દારૂ, વોશ અને ભઠ્ઠી ચલાવવા માટે ઉપયોગમાં લેવાતી સાધનસામગ્રી જપ્ત કરી છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ શહેરમાં દારૂ અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓને નાથવા માટે ખાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત માંજલપુર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે વડસર ગામના ઓડવાળું ફળિયામાં વહેલી સવારે દરોડો પાડી બે દેશી દારૂની ભઠ્ઠીઓ ઝડપી પાડી હતી. આ કાર્યવાહીમાં સોનીબેન સંજયભાઈ ભાલીયા અને દલુબેન ડાહ્યાભાઈ ભાલીયા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના નોંધાયા હતા.

સ્થળ પરથી દેશી દારૂ, દારૂ ગાળવાનો વોશ તેમજ પીપ, ચાટવો, તગારું, પ્લાસ્ટિક કારબા અને પાઈપ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બીજી તરફ પીસીબીની ટીમે મળેલી ચોક્કસ બાતમીના આધારે વડસર ગામના માળી મહોલ્લા, ગૌચરવાળા ફળિયામાં દરોડા પાડી વધુ બે દેશી દારૂની ભઠ્ઠીઓ ઝડપી પાડી હતી. પ્રથમ દરોડામાં રેખાબેન ગણપતભાઈ માળી પાસેથી 180 લિટર વોશ, 9 લિટર દેશી દારૂ અને ભઠ્ઠીના સાધનો મળી રૂ. 6,470નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જ્યારે બીજા દરોડામાં ઉષાબેન કનુભાઈ ચીમનભાઈ માળી પાસેથી 190 લિટર વોશ, 5 લિટર દેશી દારૂ અને ભઠ્ઠીના સાધનો મળી રૂ. 5,920નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ચારેય મહિલાઓ સામે માંજલપુર પોલીસ સ્ટેશનમાં અલગ-અલગ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. પોલીસની રેડને પગલે વિસ્તારના દેશી દારૂના ભઠ્ઠા સંચાલકોમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસની આ રેડને વિસ્તારના પ્રબુદ્ધ નાગરિકોએ વધાવી લીધી હતી.

### વડોદરામાં દબાણ શાખાનો સપાટો,

# શુક્રવારી બજાર સહિત વિવિધ વિસ્તારોમાંથી દબાણો દૂર કરાયાં




(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરિટી શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આક્રમક ઝુંબેશ હાથ ધરીને માર્ગો પરથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન ટ્રાફિકને નડતરરૂપ અને ગંદકી ફેલાવતા દબાણકર્તાઓ પર કડક પગલાં લેવામાં આવ્યા હતા. દબાણ શાખાની ટીમે તુલસીવાડી અંબા માતા મંદિરથી શરૂ કરીને ગરનાળા પોલીસ ચોકી, ફતેપુરા ચાર રસ્તા થઈ વારસિયા બાલ હનુમાન મંદિર સુધીના શુક્રવારી બજાર વિસ્તારમાં દબાણ હટાવો કામગીરી હાથ ધરી હતી. આ ઉપરાંત, કારેલીબાગ અંબે માતા મંદિર, તુલસીવાડી પોલીસ ચોકી બ્રિજ, હાથીખાના ગેટ પાસે પેટ્રોલ પંપ ચાર રસ્તા અને કારેલીબાગ પોલીસ સ્ટેશનની આસપાસથી પણ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. વોર્ડ નં. ૧૩ માં ખંડેરાવ માર્કેટની બાજુમાં તથા એ-ડિવિઝન પોલીસ સ્ટેશન પાસેથી મુખ્ય રોડ પર લાંબા સમયથી ભંગાર હાલતમાં પડી રહેલી એક ઓટો રિક્ષાને જપ્ત કરવામાં આવી હતી. વોર્ડ નં. ૦૮ માં પંડ્યા બ્રિજથી અટલ બ્રિજ વચ્ચે ફૂટપાથ પર બેસી ન્યુસન્સ ફેલાવતા ફેરિયાઓને દૂર કરી તેમનો સામાન જમા લેવામાં આવ્યો હતો. મોતીનગર ચાર રસ્તા અને સંગમ ચાર રસ્તા પાસે વૃંદાવન કોમ્પ્લેક્સ નજીક દબાણ કરનારાઓ પાસેથી વહીવટી ચાર્જ વસૂલવાની કામગીરી કરવામાં આવી હતી. વોર્ડ નં. ૧૪ ના સ્ટાફ અને વાડી પોલીસની મદદથી સાધના ટોકીઝના ખાંચાથી જયશ્રી સાડી સેન્ટર થઈ અંબે માતાના મંદિર સુધી દબાણો હટાવી એક ટ્રક ભરીને સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. વડોદરા મહાનગરપાલિકાની આ કામગીરીને પગલે ટ્રાફિકની સમસ્યાથી પરેશાન સ્થાનિક રહીશોએ રાહત અનુભવી હતી.

### પાલિકાનું 'ગટર' તંત્ર 'ગટર'માં ખાબક્યુંનો રહીશોને અહેસાસ!

# મેયરના વોર્ડમાં જ ગંદા પાણીની સમસ્યાથી સ્થાનિકો ત્રાહિમામ

**મેયરના** નિવાસસ્થાનથી ૩૦૦ મીટર દૂર રોગચાળાનું એપી સેન્ટર



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ 'સ્માર્ટ સિટી'ના બણગા ફૂંકતું વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ, શહેરના પ્રથમ નાગરિક, મેયર ગીતાબેન મકવાણાના પોતાના જ વોર્ડ નંબર ૧૩ માં ગટરના ગંદા પાણી ઉભરાવાની સમસ્યાએ પાલિકાની પોલ ખોલી નાખી છે. જ્યાંથી શહેરના વિકાસના નિર્ણયો લેવાય છે, ત્યાંથી માત્ર ૩૦૦ મીટરના અંતરે જ રહેવાસીઓ દૂષિત પાણીમાં જીવવા મજબૂર બન્યા છે. ચૂંટણીના માહોલમાં ભાજપની બહુમતી સાથે બોર્ડ બન્યું ત્યારે વચનોનો વરસાદ થયો હતો કે 'જનતાને કોઈ તકલીફ નહીં પડે'. પણ આજે, આ વિસ્તારની સ્થિતિ જોતાં લાગે છે કે વચનો માત્ર 'ચૂંટણીલક્ષી માર્કેટિંગ' હતા. અહીંની ગટરો ઉભરાઈને રસ્તા પર આવી ગઈ છે. દુર્ગંધ એટલી છે કે અહીંથી પસાર થવું તો દૂર, શ્વાસ લેવો પણ મુશ્કેલ છે. જાહેર સ્વાસ્થ્ય સાથેના આ ખેલમાં પાલિકાનું તંત્ર ક્યાં છે? આ વિષયને લઈને સ્થાનિકોમાં ભારે રોષ છે. સ્થાનિકોનો રોષ જોઈને પછી જ તંત્ર સફાળું જાગ્યું અને સ્થાનિક નગરસેવક શૈલેન્દ્રસિંહ ઠાકોર બાપુએ સ્થળ પર દોડી આવી કામગીરી કરાવી. પરંતુ સવાલ એ છે કે, શું દરેક સમસ્યા માટે સ્થાનિક જાગૃત નાગરિકોએ જ ધ્યાન દોરવું જરૂરી છે? પાલિકાના હેલ્પલાઈન નંબરો અને ઓનલાઈન ફરિયાદ વ્યવસ્થા શું માત્ર દેખાવ માટે છે? ઓનલાઈન ફરિયાદ કર્યા પછી પણ જ્યારે સમસ્યાનું નિરાકરણ ન આવે, ત્યારે જનતાએ શું કરવું? સ્થાનિકોના મતે, આ સમસ્યા નવી નથી. વર્ષો જૂની ડ્રેનેજ લાઈનો અને સુવેજ પમ્પિંગ સ્ટેશનના પંપ પૂર્ણ ક્ષમતાથી ન ચાલવા એ પાલિકાની બેદરકારીનું પ્રમાણ છે. નવી લાઈનો નાખવા છતાં સમસ્યા યથાવત છે, જે કામગીરીમાં રહેલી 'કટકી' અને ટકાવારીના ખેલની ચાડી ખાય છે. જ્યારે જનતા પાસે એડવાન્સ વેરો વસૂલવામાં આવે છે, ત્યારે સુવિધાઓ આપવામાં આટલી કંજૂસી કેમ?

### ફતેગંજ અને પાણીગેટના બે ઠગાઈના ભેદ ઉકેલાયા

# સોનાની ચેઈન અને વીંટી પડાવનાર રીઢો ઠગ ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ વડોદરા શહેરના વિવિધ વિસ્તારમા ક્રાઈમ બ્રાન્ચ સતત પેટ્રોલિંગ અને વોચ રાખી રહી હતી. આ દરમિયાન મળેલી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાજમહેલ રોડ સ્થિત નવલખી ગ્રાઉન્ડ નજીક મહાદેવ મંદિર પાસેથી નંબર પ્લેટ વગરની હોન્ડા એક્ટિવા સાથે ગળામાં કેસરી ગમછો પહેરેલા મુકેશનાથ ઉર્ફે મુગડો નટવરનાથ મદારી (ચૌહાણ) (ઉ.વ. 35), રહેવાસી પિપળેજ, અમદાવાદને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપીના પેન્ટના ખિસ્સામાંથી 15.020 ગ્રામ વજનની સોનાની ચેઈન મળી આવી હતી. તેની માલિકીના પુરાવા માગતા તે કોઈ આધાર-પુરાવા રજૂ કરી શક્યો ન હોવાથી પોલીસે સઘન પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછમાં આરોપીએ પોતાના સાગરીત સાથે વડોદરામાં ભુવાનો વેશ ધારણ કરી લોકોને વિધી કરવાના બહાને ભોળવી સોનાની વીંટી અને ચેઈન પડાવી લઈ ઠગાઈ આચર્યાની કબૂલાત કરી હતી. આરોપીએ આશરે અઢી મહિના પહેલા પાણીગેટ વિસ્તારમાં આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે એક વ્યક્તિ પાસેથી સોનાની વીંટી પડાવી લીધી હતી. ત્યારબાદ લગભગ પંદર દિવસ પહેલા જૂના છાણી રોડ પર વ્યક્તિને વાતોમા ભોળવી તેની સોનાની ચેઈન લઈને ફરાર થયો હતો. આરોપી પાસેથી મળી આવેલી સોનાની ચેઈન આ જ ગુનાની હોવાનું પણ સામે આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચે આરોપી પાસેથી રૂ. 1.93 લાખની કિંમતની સોનાની ચેઈન અને રૂ. 40 હજારની કિંમતની હોન્ડા એક્ટિવા સહિત કુલ રૂ. 2.33 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી અગાઉ અમદાવાદના વાસણા અને રામોલ, રાજકોટના ગાંધીગ્રામ તેમજ પાલનપુર પોલીસ સ્ટેશનમાં ઠગાઈ, ચોરી અને ઝૂંટવી લેવાના ચાર ગુનાઓમાં પણ સંડોવાયેલો છે.

### ગોત્રી ગાર્ડનમાં કરોડોના વિકાસ કામોની પોલ છતી થઇ

# ગોત્રી ગાર્ડનમાં લાખોના ખર્ચે બનેલા વોકિંગ ટ્રેક પર મસમોટો ભુવો પડ્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા અને હજારો નાગરિકોની અવરજવર ધરાવતા ગોત્રી ગાર્ડનમાં પાલિકાના વિકાસ કામોની પોલ છતી થઈ છે. ચોમાસાના પ્રથમ વરસાદમાં જ ગાર્ડનનો વોકિંગ ટ્રેક વચ્ચેથી બેસી જતા એક મોટો અને જોખમી 'ભુવો' પડી ગયો છે. આ ઘટનાને પગલે વહીવટી તંત્રની કામગીરી અને વપરાયેલી સામગ્રીની ગુણવત્તા સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વોકિંગ ટ્રેક પર સવાર-સાંજ મોટી સંખ્યામાં વડીલો, બાળકો અને મહિલાઓ ચાલવા માટે આવે છે. સદનસીબે આ ઘટના સમયે ત્યાં કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાની ટળી છે. જો કે, જે રીતે પેવર બ્લોક બેસી ગયા છે, તે જોતા સ્પષ્ટ જણાય છે કે કામમાં ભારે લાપરવાહી દાખવવામાં આવી છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, હજુ તો કામનું લોકાર્પણ પણ પૂર્ણ રીતે થયું નથી ત્યાં જ આ સ્થિતિ સર્જાઈ છે, જે તંત્રની નિષ્ક્રિયતા દર્શાવે છે. સ્થાનિક પ્રતિનિધિ હાર્દિક આમોદીયાએ આ ઘટનાને લઈને તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી જ્યાં જુઓ ત્યાં ભુવાઓ પડી રહ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે કરવામાં આવતા કામોમાં કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગતથી 'કટકી' લેવામાં આવી રહી છે. પાલિકાનું તંત્ર સેવા કરવાને બદલે માત્ર મલાઈ ખાવામાં જ મસ્ત છે, તેથી જ આ પરિસ્થિતિ સર્જાઈ છે. આ ઘટના બાદ સ્થળ પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને નબળી ગુણવત્તાના કામ સામે સૂત્રોચ્ચાર કર્યા હતા.

નાગરિકોની માંગ છે કે, જે એજન્સીએ આ કામ કર્યું છે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે, જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવે અને સમગ્ર પ્રકરણની ઉચ્ચસ્તરીય વિજિલન્સ તપાસ કરવામાં આવે. જો તાત્કાલિક આ ટ્રેકનું મજબૂત સમારકામ નહીં કરવામાં આવે, તો આગામી દિવસોમાં કોઈ ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

### પરિવારજનોમાં શોકનું મોજું

# બકરાવાડી વિસ્તારના યુવાનનું ફિનાઈલ પી જવાથી કરૂણ મોત



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ શહેરના બકરાવાડી, મદનઝાંપા રોડ વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય યુવાન પરમાર પુનિત અનિલભાઈએ કોઈ અગમ્ય કારણોસર ફિનાઈલ પીને પોતાની જીવનલીલા સંકેલી લેતા સમગ્ર વિસ્તારમાં અને પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. યુવાનના આ આકસ્મિક પગલાથી સ્વજનો હતપ્રભ થઈ ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બકરાવાડી વિસ્તારમાં રહેતા પુનિત પરમારે કોઈ અગમ્ય કારણોસર આત્મઘાતી પગલું ભરી ફિનાઈલ પી લીધું હતું. પુનિતની તબિયત લથડતા પરિવારજનોને જાણ થઈ હતી. ગભરાયેલા પરિવારજનો દ્વારા પુનિતને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યો હતો. શરૂઆતમાં અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર અપાયા બાદ પણ પુનિતની સ્થિતિમાં કોઈ સુધારો ન થતા અને તબિયત વધુ લથડતા તેને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તપાસ કરીને યુવાનને મૃત જાહેર કર્યો હતો. યુવાનના અવસાનના સમાચાર મળતા જ પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. પોલીસ દ્વારા આ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે કે, પુનિતે આટલું મોટું પગલું કયા કારણોસર ભર્યું હતું. આ ઘટના બાદ આસપાસના વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

# ચોમાસા પૂર્વે પાલિકાની દ્વારા તળાવ સફાઈ અને રસ્તા સમારકામથી રાહત

(પ્રતિનિધિ) વડોદરા, તા.10: વડોદરા મહાનગરપાલિકાએ ચોમાસા પૂર્વે શહેરના પશ્ચિમ ઝોનમાં સફાઈ અને માર્ગ સમારકામની કામગીરી પૂર્ણ કરી છે. વોર્ડ નં. 10માં તાંદલજા તળાવમાંથી ગાદ, પ્લાસ્ટિક, કચરો તેમજ ઝાડી-ઝાંખરા દૂર કરવામાં આવતા તળાવની પાણી સંગ્રહ ક્ષમતામાં વધારો થશે અને ભૂગર્ભ જળસ્તર સુધરવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. વોર્ડ નં. 11માં દિવાળીપુરા વિસ્તારમાં વરસાદી ગટરના કેચપીટની મશીનરીથી સફાઈ કરી કાદવ અને ઘન કચરો દૂર કરવામાં આવ્યો છે, જેના કારણે વરસાદી પાણીના નિકાલમાં સરળતા રહેશે. ઉપરાંત વોર્ડ નં. 12માં કલાલી-બીલ રોડ પર પડેલા ખાડાઓનું પેચવર્ક કરી ડામર પાથરવામાં આવતાં માર્ગ વધુ સુરક્ષિત અને વાહનવ્યવહાર માટે અનુકૂળ બન્યો છે. પાલિકાની આ કામગીરીથી વરસાદ દરમિયાન પાણી ભરાવા અને અકસ્માતની શક્યતાઓમાં ઘટાડો થશે તેમજ સ્થાનિક રહીશોએ રાહતની લાગણી વ્યક્ત કરી છે.

### માંજલપુરમાં મોબાઈલ ચોરીની શંકાએ કિશોરે હુમલો કરતાં યુવકનું મોત થયું હતું

# અલવાનાકા વિસ્તારમાં થયેલી હત્યાનો આરોપીની એક વર્ષ બાદ ધરપકડ

વડોદરાઃ વડોદરાના માંજલપુરના અલવા નાકા જીઆઈડીસી વિસ્તારમાં મોબાઈલ ચોરીની શંકાને લઈને થયેલો સામાન્ય ઝઘડો જીવલેણ સાબિત થયો હતો. 6 એપ્રિલના રોજ થયેલા હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા 40 વર્ષીય સૌજાનસિંહ ગોપાલસિંહ જાદોનનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. શરૂઆતમાં અકસ્માત મોતનો ગુનો નોંધનાર માંજલપુર પોલીસે પોસ્ટમોર્ટમ રિપોર્ટ કરાવતા હત્યા થઈ હોવાનો ઘટસ્ફોટ થતાં ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. હવે ઘટનાના લગભગ એક વર્ષ બાદ ટેક્નિકલ સર્વેલન્સ અને એફએસએલના પુરાવાના આધારે કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસ સુત્રો ના જણાવ્યા મુજબ, ઘટના દિવસે સૌજાનસિંહ પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે સગીરે તેમના પર મોબાઈલ ચોરીનો આક્ષેપ કર્યો હતો. આ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. ઝઘડો ઉગ્ર બનતાં સગીર પોતાના ઘરેથી લોખંડની પાઈપ લઈ આવ્યો હતો અને સૌજાનસિંહના માથામાં ફટકારતા તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હુમલા બાદ બંને પક્ષોનો મામલો માંજલપુર પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો, જ્યાં બંને વચ્ચે સમાધાન કરાવવામાં આવ્યું હતું. સગીરે ઈજાગ્રસ્તને સારવારના ખર્ચ પેટે રૂ.1,500 ઓનલાઈન ટ્રાન્સફર પણ કર્યા હતા. જોકે, સૌજાનસિંહ નશાની હાલતમાં હોવાનું જણાતા પોલીસે તેમની સામે પ્રોહિબિશન કાયદા હેઠળ અલગ ગુનો નોંધ્યો હતો. પોલીસ સ્ટેશનમાંથી છૂટ્યા બાદ સૌજાનસિંહ પોતાના વતન પાલનપુર ગયા હતા. ત્યાં તેમની તબિયત લથડતાં પહેલા પાલનપુર સિવિલ હોસ્પિટલ અને બાદમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં 10 એપ્રિલ, 2025ના રોજ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. શરૂઆતમાં અકસ્માત મોત તરીકે નોંધાયેલા કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃતકના માથામાં ગંભીર ઈજા થતા હેમરેજના કારણે મોત થયુ હોવાનું કારણ દર્શાવવ્યું હતું. મૃતકની પત્ની સુધાબેન સૌજાનસિંહ જાદોનની ફરિયાદના આધારે પોલિસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. માંજલપુર પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એચ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ, એફએસએલના પુરાવા અને અન્ય તપાસના આધારે કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર આરોપીને ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એસીપી પ્રણવ કટારિયાએ જણાવ્યું હતું કે, 6 એપ્રિલ 2025ના રોજ મૃતક સૌજાનસિંહ ગોપાલસિંહ જાદોન પોતાના ઘરે જઈ રહ્યા હતા. એક સગીરે તેમના પર મોબાઈલ ચોરીનો આક્ષેપ કરી લોખંડની પાઈપ મારતાં હેમરેજ થતાં સારવાર દરમિયાન મોત થયું હતું.

# માંડવી વિસ્તારમાં મુસાફર બાબતે તકરાર : રિક્ષાચાલક પર હુમલો

**હત્યાના** પ્રયાસ સહિત ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.10 વડોદરા શહેરના માંડવી વિસ્તારમાં મુસાફર બેસાડવાની બાબતે થયેલી તકરાર હિંસક બની જતાં એક રિક્ષાચાલક પર લોખંડ જેવી વસ્તુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં રિક્ષાચાલકને માથા અને હાથમાં ગંભીર ઈજાઓ પહોંચતાં પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફતેપુરા વિસ્તારમાં રહેતા અને રિક્ષા ચલાવતા યુનુશભાઈ ચાંદભાઈ શેખ (ઉ.વ. 29) ની ફરિયાદ મુજબ, તેઓ માંડવી દરવાજા પાસે મુસાફરોની રાહ જોઈ રહ્યા હતા ત્યારે બે મુસાફરોને ફતેપુરા ચાર રસ્તા જવા માટે રિક્ષામાં બેસાડ્યા હતા. ત્યારબાદ અગોરા સિટી મોલ જવા ઈચ્છતો અન્ય એક મુસાફર ભૂલથી નજીકમાં ઉભેલી આરોપી અરબાજ રફિકભાઈ લકીવાલાની રિક્ષામાં બેસી ગયો હતો, પરંતુ બાદમાં યુનુશભાઈની રિક્ષામાં આવી બેઠો હતો.

આ બાબતે અરબાજ લકીવાલાએ મુસાફર પોતાનો હોવાનું કહી વિવાદ શરૂ કર્યો હતો. ફરિયાદી દ્વારા ના પાડતાં બંને વચ્ચે બોલાચાલી અને હાથાપાઈ થઈ હતી. ત્યારબાદ ફરિયાદી મુસાફરોને મુકવા માટે ત્યાંથી નીકળી ગયા હતા.

બાદમાં પીવાવાળી ગલી નજીક ગાંધી કેશવલાલ મનસુખલાલની કરિયાણાની દુકાન આગળ આરોપીએ ફરિયાદીને રોકી પોતાની રિક્ષામાંથી લોખંડ જેવી પાતળી હાથાવાળી વસ્તુ કાઢી તેમના માથા અને ડાબા હાથ પર હુમલો કર્યો હતો. હુમલામાં ફરિયાદીને લોહીલુહાણ ઈજાઓ પહોંચી હતી. આરોપી જતાં જતાં "માંડવી વિસ્તારમાં તને ધંધો કરવા નહીં દઉં" તેવી ધમકી આપી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

### વડોદરાના પશ્ચિમ ઝોનમાં ડ્રેનેજ વ્યવસ્થાનું કાયાપલટ

# ગાય સર્કલથી અટલાદરા STP સુધી ૨૬૦૦ મીટરની લાઈનનું નવીનીકરણ

**૬૦ ટકા** કામગીરી પૂર્ણ, ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં પ્રોજેક્ટ સંપન્ન થશે



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના પશ્ચિમ ઝોનમાં માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. ગાય સર્કલથી અકોટા બ્રિજ સર્કલ થઈને અટલાદરા એસટીપી સુધીના રોડ પર વારંવાર પડતા ભુવાઓની સમસ્યાના કાયમી ઉકેલ માટે પાલિકાએ આ વિસ્તારની જૂની ડ્રેનેજ લાઈનના નવીનીકરણનું આયોજન કર્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ અત્યાધુનિક 'રીહેબિલિટેશન' પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે ડ્રેનેજ વ્યવસ્થાને વધુ ટકાઉ અને કાર્યક્ષમ બનાવશે. આ પ્રોજેક્ટ હેઠળ અંદાજે ૨૬૦૦ મીટર લાંબી જૂની પાઈપલાઈનની સફાઈ કરવામાં આવશે. કામની ગુણવત્તા જળવાઈ રહે તે માટે પ્રી-સીસીટીવી અને પોસ્ટ-સીસીટીવી સર્વેક્ષણ કરવામાં આવશે. જૂની પાઈપલાઈનના સ્થાને નવી જીઆરપી પાઈપલાઈન નાખવામાં આવશે. હાલના જૂના અને ક્ષતિગ્રસ્ત મેનહોલને તોડીને તે જગ્યાએ આધુનિક મેનહોલનું નિર્માણ કરવામાં આવશે. આ કામગીરી હાલમાં ૬૦ ટકા પૂર્ણ થઈ ચૂકી છે. પ્રોજેક્ટની ગતિ જોતા, આગામી ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં બાકીની તમામ કામગીરી પૂર્ણ કરીને તેને જનતા માટે સંપૂર્ણ કાર્યરત કરવાનું આયોજન પાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ પશ્ચિમ ઝોનના રહીશોને વારંવાર રસ્તા પર પડતા ભુવાઓની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે અને ડ્રેનેજ વ્યવસ્થા સુદ્રઢ બનશે.

### નાગરિકોમાં સાવચેતી રાખવા તંત્રની અપીલ

# કપુરાઈના સાર્થક બંગલોમાં યુવાનને જંતુનો ડંખ વાગતા સારવાર હેઠળ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ શહેરના કપુરાઇ વિસ્તારમાં આવેલા સાર્થક બંગલોમાં રહેતા એક ૩૭ વર્ષીય યુવાનને પોતાના જ ઘરમાં અજાણ્યું જીવજંતુ કરડી જવાની ઘટના સામે આવી છે. ડાબા પગે જીવજંતુ કરડી જતાં પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક અસરથી સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમની સઘન સારવાર ચાલી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કપુરાઇ વિસ્તારમાં આવેલા સાર્થક બંગલોમાં બારૈયા પરિવાર વસવાટ કરે છે. આ પરિવારના ૩૭ વર્ષીય સભ્ય અરૂણકુમાર ભાઈલાલભાઈ બારૈયા પોતાના ઘરે હતા, તે જ અરસામાં અચાનક તેમના ડાબા પગના ભાગે કોઈ અજાણ્યા જીવજંતુએ ડંખ માર્યો હતો. જીવજંતુ કરડતાં જ અરૂણકુમારને પગમાં ભારે બળતરા અને અસહ્ય દુખાવો શરૂ થઈ ગયો હતો. તેમની બૂમાબૂમ સાંભળીને પરિવારના અન્ય સભ્યો તાત્કાલિક દોડી આવ્યા હતા. પરિવારે સહેજ પણ સમય ગુમાવ્યા વિના તેમને તાબડતોબ વડોદરાની સયાજી હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ફરજ પરના તબીબોએ ત્વરિત કાર્યવાહી હાથ ધરીને અરૂણકુમારની પ્રાથમિક સારવાર શરૂ કરી દીધી હતી. હાલમાં તેઓ તબીબોની સઘન દેખરેખ હેઠળ છે અને કયા જીવજંતુએ ડંખ માર્યો છે તે અંગે શારીરિક લક્ષણો પરથી મેડિકલ ટીમ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. યુવાનની તબિયત હાલ સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે. તબીબો પણ લોકોને અપીલ કરે છે કે કોઈપણ અજાણ્યું જીવજંતુ કરડે ત્યારે ડર્યા વિના કે ઘરગથ્થુ ઉપચારમાં સમય વેડફ્યા વિના, સીધા જ નજીકની સરકારી કે સક્ષમ હોસ્પિટલમાં પહોંચવું હિતાવહ છે.

### રોડા છારૂ અને વેટમીક્ષ નાખી તંત્રે કામગીરી પૂર્ણ કરી દીધી

# અનન્યા ગર્લ્સ હોસ્ટેલથી શ્રીનાથ એરાઈઝ સુધીનો માર્ગ રિપેર કરાયો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦ વડોદરા મહાનગરપાલિકાના દક્ષિણ ઝોન વિસ્તારમાં વસતા હજારો નાગરિકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. વોર્ડ નં. ૧૯માં આવેલો અનન્યા ગર્લ્સ હોસ્ટેલથી શ્રીનાથ એરાઈઝ સુધીનો ૧૨ મીટર પહોળો ટી.પી. રોડ, જે તાજેતરમાં દબાણ શાખા દ્વારા ખુલ્લો કરવામાં આવ્યો હતો, તેને હવે ચોમાસા દરમિયાન પણ અવર-જવર માટે અનુકૂળ બનાવી દેવામાં આવ્યો છે. ચોમાસાની ઋતુમાં સ્થાનિક રહીશોને કાદવ-કીચડ અને ખાડાઓને કારણે હાલાકી ન ભોગવવી પડે, તે માટે પાલિકાના તંત્ર દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ માર્ગ વિસ્તારની આસપાસ આવેલી સોસાયટીઓના અંદાજે ૧૦૦૦ જેટલા નાગરિકો માટે મુખ્ય અવર-જવરનો માર્ગ છે. લોકોની સુવિધાને ધ્યાને રાખીને, કોર્પોરેશન દ્વારા યુદ્ધના ધોરણે આ રસ્તા પર રોડા છારૂ અને વેટમીક્ષ નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ કામગીરીને કારણે રસ્તાની રાઈડિંગ સરફેસ ખૂબ જ સારી બની ગઈ છે. મુખ્ય માર્ગ હોવાથી હવે ચોમાસા દરમિયાન પણ વાહન વ્યવહારમાં અવરોધ નહીં આવે અને સ્થાનિક નાગરિકોને મોટી રાહત મળશે. આ કામગીરી તા. ૧૦/૦૭/૨૦૨૭ના રોજ પૂર્ણ કરી દેવામાં આવી છે, જેથી વરસાદી વાતાવરણમાં પણ નાગરિકો સરળતાથી અવર-જવર કરી શકશે.